પેન્શનના મુડીકૃત રૂપાંતર કરાયેલા
ભાગનું ૧૩ વર્ષ બાદ પુન:સ્થાપન
કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃનવત/૧૦૨૦૧૦/ડી/૬૬/પી(પેન્શન સેલ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૪-૦૯-૨૦૨૨

**વંચાણે લીધાઃ**

(૧) નાણા વિભાગનો તા.૦૬.૧૨.૧૯૮૯નો ઠરાવ ક્ર: નવત/૧૧૮૬/૩૦૪૧/પી.૧
(૨) નાણા વિભાગનો તા.૦૩.૦૪.૧૯૯૦નો ઠરાવ ક્ર: નવત/૧૧૮૬/૩૦૪૧/પી.૧
(૩) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨નો નિયમ-૧૦૧
(૪) નાણા વિભાગનો તા.૦૨.૧૧.૨૦૧૦નો ઠરાવ ક્ર: નવત/૧૦૨૦૧૦/ડી/૬૬/પી

**આમુખ :**

વંચાણ હેઠળના ક્રમાંક (૧), (૨) અને (૪) પરના અનુક્રમે તા.૦૬.૧૨.૧૯૮૯, તા.૦૩.૦૪.૧૯૯૦ તેમજ તા.૦૨.૧૧.૨૦૧૦ના ઠરાવો અને વંચાણ હેઠળના ક્રમાંક (૩) પરના ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૦૧ની જોગવાઇને આધીન પેન્શનના મુડીકૃત રૂપાંતર કરાયેલા ભાગનું ૧૫ વર્ષે પુન:સ્થાપન કરવામાં આવે છે.

રાજ્યના વિવિધ કર્મચારી સંગઠનો અને પેન્શનર મંડળો દ્વારા પેન્શનના મુડીકૃત રૂપાંતર કરાયેલા ભાગનું પુન:સ્થાપન કરવાની સમયમર્યાદા ઘટાડવા રજૂઆતો કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૦૧ અંતર્ગત પેન્શનના મુડીકૃત રૂપાંતર કરાયેલા ભાગનું ૧૩ વર્ષ બાદ પુન:સ્થાપન કરવાનું ઠરાવવામાં આવે છે.

આ ઠરાવનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખથી કરવાનો રહેશે. હાલ જે પેન્શનરોએ પેન્શનનું મુડીકૃત રૂપાંતર કરાવેલ છે તેઓને પણ આ જોગવાઇનો લાભ આપવાનો રહેશે પરંતુ જે પેન્શનરના મુડીકૃત રૂપાંતરને ૧૩ વર્ષ કે તેથી વધુ સમય થયેલ છે તેઓના કિસ્સામાં ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખના પછીના માસથી પેન્શનનું પુન:સ્થાપન કરવાનું રહેશે.

ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૦૧માં ઉકત સુધારો હવે પછી જાહેરનામા દ્વારા આમેજ કરવામાં આવશે. આ બાબતને લગતા અન્ય નિયમો તેમજ સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડીયલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના:-**

- માન. રાજયપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/ કોર્પોરેશન/નિગમો.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
નાણા વિભાગની તમામ શાખાઓ
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે
સિલેકટ ફાઇલ પેન્શન સેલ શાખા

- પત્ર દ્વારા